વડોદરા કોર્પોરેશન દ્વારા હાથ ધરાયેલી પ્રિમોન્સૂન કામગીરી એળે ગઈ

શહેરમાં ઠેરઠેર વૃક્ષો ધરાશાયી થવાનો સિલસીલો જારી, ગોત્રીમાં બસ ફસાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫ વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં રસ્તાઓ પર પડેલા મસ્તમોટા ખાડાઓને કારણે એક ગંભીર ઘટના સામે આવી છે. ગોત્રી રોડ પરથી પસાર થઈ રહેલી એક સીટી બસ અચાનક જ રસ્તા પર પડેલા એક વિશાળ ખાડામાં ફસાઈ ગઈ હતી. બસ ખાડામાં ફસાઈ જતાં તેમાં સવાર મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા અને અટવાઈ પડ્યા હતા. ઘટના બાદ મુસાફરોને રાહત આપવા માટે તાત્કાલિક બીજી બસ બોલાવવામાં આવી હતી અને તમામ મુસાફરોને સલામત રીતે તેમના ગંતવ્ય સ્થાન તરફ રવાના કરવામાં આવ્યા હતા.

ખાડામાં ફસાયેલી બસને બહાર કાઢવા માટે આખરે જેસીબી મશીનની મદદ લેવી પડી હતી, જેના દ્વારા બસને સફળતાપૂર્વક બહાર કાઢી રસ્તા પરના ખાડા પૂરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ભાંડવાડા નાકા પાસે વિશાળ વૃક્ષ ધરાશાયી

વડોદરા શહેરમાં સતત પડી રહેલા ભારે વરસાદ અને પવનના કારણે ફતેપુરા ભાંડવાડા નાકા વિસ્તારમાં એક વિશાળ વૃક્ષ ધરાશાયી થયું હતું. જે વીજ વાયરો પર પડતા લોકોમાં ભયનો માહોલ છવાયો હતો. બનાવને પગલે ફાયરબ્રિગેડના જવાનોએ સ્થળ પર પહોંચી આગળની કામગીરી હાથધરી હતી.અચાનક આવેલા પવન સાથે વૃક્ષ રોડની બાજુના વીજ વાયરો પર પડ્યું હતું. વૃક્ષ વીજ વાયરો પર પડતાં તાર તૂટી જવાની અને શોર્ટ સર્કિટ થવાની દહેશતને પગલે આસપાસના રહીશોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

તરસાલી બંસલ મોલ પાસે મહાકાય વૃક્ષ પડ્યું

શહેરના વ્યસ્ત ગણાતા બંસલ મોલથી તરસાલી તરફ જવાના મુખ્ય માર્ગ પર આજે અચાનક એક વિશાળ અને મહાકાય વૃક્ષ ધરાશાહી થવાની ઘટના સામે આવી છે. મુખ્ય રસ્તા પર જ અચાનક વૃક્ષ ધરાશાહી થઈને પડી જવાથી ટ્રાફિકની અવરજવર માટે એક તરફનો રસ્તો સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો, જેના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

દિવાળીપુરામાં ભારે વરસાદથી વૃક્ષ ધડામ

શહેરમાં વરસેલા ભારે વરસાદને પગલે વિવિધ વિસ્તારોમાંથી વૃક્ષો ધરાશાઈ થવાના અહેવાલો સામે આવી રહ્યા છે. આ શ્રેણીમાં વધુ એક ઘટના દિવાળીપુરા કોર્ટ અને તેની પાછળ આવેલી શ્યામલબાગ સોસાયટી નજીક ગદાપુરા રોડ પરથી સામે આવી છે, જ્યાં એક મહાકાય વૃક્ષ અચાનક રોડ પર ધરાશાયી થઈ ગયું હતું.રસ્તાની વચ્ચે વિશાળ વૃક્ષ પડી જતાં જ માર્ગ પરનો વાહન વ્યવહાર સંપૂર્ણપણે પ્રભાવિત બન્યો હતો.

ચાલકનો આબાદ બચાવ થતાં હાશકારો

પ્રતાપનગર બ્રિજ પર રાત્રે કાર ડિવાઈડર ચઢી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫ ગત મોડી રાત્રે વડોદરા શહેરમાં વરસી રહેલા વરસાદ દરમિયાન પ્રતાપનગર બ્રિજ પર એક મોટો અકસ્માત સર્જાતા રહી ગયો હતો. રસ્તાની નબળી દ્રશ્યતા અને બેદરકારીના કારણે એક પૂરપાટ ઝડપે આવી રહેલી ફોર-વ્હીલર કાર અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી બેસી હતી અને બ્રિજની વચ્ચે આવેલા ડીવાઈડર પર ચઢી ગઈ હતી. રાહદારીઓના જણાવ્યા મુજબ રાત્રિના સમયે ભારે વરસાદના કારણે રસ્તા પર વિઝિબિલિટી ઘણી ઓછી થઈ ગઈ હતી. આ દરમિયાન પુરઝડપે જઈ રહેલી કારના ચાલકે અચાનક વળાંક કે ડીવાઈડરનો અંદાજ ન મેળવી શકતા કાર સીધી ડીવાઈડર પર ચઢી ગઈ હતી. જોકે, એ સમયે આસપાસ અન્ય વાહનોની અવરજવર ઓછી હોવાથી એક મોટો ગમખ્વાર અકસ્માત ટળી ગયો હતો. આ ઘટનાએ ફરી એકવાર વાહનચાલકોની બેદરકારી અને સલામતીના મુદ્દાઓને સપાટી પર લાવી દીધા છે. વરસાદી માહોલ કે ઓછી દ્રશ્યતા વાળા વાતાવરણમાં વાહનની ગતિ મર્યાદિત રાખવી અનિવાર્ય છે. થોડીક અસાવધાની પણ જીવન જોખમમાં મૂકી શકે છે.

"આ રોડ છે કે પાતાળ લોકનો માર્ગ?"

બીલ ગામમાં બિસમાર રસ્તા-ભ્રષ્ટાચાર સામે મહિલાનું અનોખું વિરોધ પ્રદર્શન

(પ્રતિનિધિ) વડોદરા તા.25 વડોદરા શહેરમાં બિસ્માર રસ્તાઓ અને કામગીરીમાં થતા ભ્રષ્ટાચાર સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. શહેરના બીલ ગામ વિસ્તારમાં રસ્તાની અત્યંત ખરાબ સ્થિતિથી પરેશાન થઈને એક મહિલાએ રસ્તા વચ્ચે પડેલા વિશાળ ખાડામાં પોતે બેસી જઈ અનોખી રીતે વિરોધ પ્રદર્શિત કર્યો હતો. મહિલાના આ અનોખા પ્રદર્શનથી મહાનગરપાલિકા અને કોન્ટ્રાક્ટરની લોકહિત દાવાની પોલ છતી થઈ ગઈ છે. મળતી વિગતો અનુસાર, બીલ ગામ વિસ્તારમાં થોડા સમય પહેલા જ ગટર લાઈન નાખવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. જોકે, હલકી ગુણવત્તાના કામ અને ગંભીર બેદરકારીના કારણે અંદાજે 500 મીટર જેટલો આખો રસ્તો બેસી ગયો છે. રસ્તા પર ઠેર-ઠેર મોટા ગાબડાં પડી જતાં વાહનચાલકો અને સ્થાનિક રહીશો માટે પસાર થવું જોખમી બની ગયું છે, જેને કારણે લોકોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે કરોડો રૂપિયાના ખર્ચે થતા કામમાં આટલી મોટી બેદરકારી દાખવનાર કોન્ટ્રાક્ટર સામે તંત્ર દ્વારા કોઈ જ દંડનીય કે કડક કાર્યવાહી કરવામાં આવતી નથી. રસ્તા વચ્ચે પડેલા ખાડામાં બેસીને વિરોધ નોંધાવનાર મહિલાએ તંત્ર પર કટાક્ષ કરતા જણાવ્યું હતું કે, સ્થાનિક તંત્ર દ્વારા જાણે કોઈ ખાસ 'સ્પેસ ટેકનોલોજી'નો ઉપયોગ કરીને રોડ બનાવવામાં આવ્યો હોય અને રસ્તા પરથી સીધા પાતાળ લોકમાં જવાનો માર્ગ તૈયાર કરી દેવાયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. અતિશય બિસ્માર રસ્તાના કારણે દરરોજ અકસ્માતનો ભય રહે છે.

તવરા ગામે ખેંચથી યુવાનનું મોત નીપજ્યું

વડોદરા : વાઘોડિયા તાલુકાના તવરા ગામે ઊંડા ફળિયામાં રહેતા ૪૦ વર્ષીય વિજયભાઈ ગેમલભાઈ પરમારનું લઘુશંકા માટે ઘરની બહાર નીકળતી વખતે અચાનક ખેંચ નો હુમલો આવવાથી અને પટકાવાને કારણે ગંભીર ઈજા થવાથી મોત નીપજ્યું છે. આ અકસ્માતમાં તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી, જેના કારણે તેઓ બેભાન થઈ ગયા હતા. પરિવારજનો અને ગ્રામજનો તાત્કાલિક ધોરણે ઘાયલ વિજયભાઈને સારવાર અર્થે વાઘોડિયાની પારુલ સેવાશ્રમ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. જ્યાં તેમની તબિયત વધુ નાજુક જણાતા તબીબોએ તેમને વધુ સારવાર માટે સયાજી હોસ્પિટલ ખાતે રીફર કર્યા હતા. સયાજી હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

ગોત્રી પોલીસનો દરોડો, સંચાલક સહીત નવ જુગારી ઝબ્બે

વડોદરા : સરકારની આવાસ યોજનાના ફ્લેટમાં જ તીનપત્તીનો જુગાર ધમધમતો હોવાની બાતમી મળતા ગોત્રી પોલીસે ફિલ્મી અંદાજમાં દરોડો પાડી સમગ્ર અડ્ડાનો પર્દાફાશ કર્યો હતો. દરોડા દરમિયાન પોલીસે જુગારીયાઓની અંગ જડતીમાંથી મળેલા રૂ.30 હજાર રોકડ, જમીન દાવમાંથી રૂ.26 હજાર, પાંચ મોબાઈલ ફોન મળી રૂ.1. 01 લાખ મનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. વડોદરાના ગોત્રી વિસ્તારમાં આવેલા ગાયત્રીપુરા સ્થિત પ્રધાનમંત્રી આવાસ યોજનાના સી ટાવરના ફ્લેટમાં તીનપત્તીનો જુગાર ચાલતો હોવાની ચોક્કસ બાતમી ગોત્રી પોલીસને મળી હતી. જેના આધારે પોલીસની ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. દરોડા સમયે સ્થળ પર હાજર ફ્લેટની બહાર શંકાસ્પદ રીતે નજર રાખતો શૈલેષ ઉર્ફે શીવો ગોવિંદ રાવલ, રવીશંકર ઈન્દ્રાશન શર્મા, કુરન સનાભાઈ પંડ્યા, ગૌતમ કાંતિલાલ સાવલિયા, પ્રફુલ રમેશ માળી, સંજય મગન ચાવડા, હરીશ રાઘવન કારકીલ, કેતન ઈશ્વર રાજપુત અને રાજુ પુનમ સોલંકીની ધરપકડ કરવામાં આવી હતી.

આગામી ૨૭ તારીખથી પવિત્ર ગૌરી વ્રતનો પ્રારંભ

ગૌરીવ્રતની પરંપરામાં બદલાવ, બજારમાં તૈયાર જવારા અને ગોરોની માગ વધી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫ વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાં શ્રદ્ધા અને આસ્થાના પ્રતીક સમાન પવિત્ર ગૌરી વ્રતની શરૂઆત આગામી ૨૭ તારીખથી થવા જઈ રહી છે. સનાતન પરંપરા અનુસાર કુંવારિકાઓ અને નાની કન્યાઓ દ્વારા મનપસંદ અને યોગ્ય વરની પ્રાપ્તિ તેમજ જીવનમાં સુખ-સમૃદ્ધિની કામના સાથે આ કઠોર વ્રત કરવામાં આવે છે. આ વ્રતમાં જવારા વાવવાનું અને તેનું પૂજન કરવાનું વિશેષ ધાર્મિક મહત્વ રહેલું છે. પરંતુ, સમયના બદલાવ અને આજની ભાગદોડભરી જીવનશૈલી વચ્ચે આ પ્રાચીન પરંપરાને જાળવી રાખવાના સ્વરૂપમાં મોટો બદલાવ જોવા મળી રહ્યો છે. અગાઉના સમયમાં દરેક ઘરની કન્યાઓ જાતે માટી ભરીને તેમાં ધાન્ય વાવતી અને રોજ તેનું જતન કરતી હતી. છેલ્લા બે-ત્રણ વર્ષથી સમયના અભાવના કારણે લોકોમાં બજારમાં તૈયાર મળતા જવારા અને ગોરો ખરીદવાનો ક્રેઝ વધ્યો છે. બજારમાં વેચાતા આ જવારા ખાસ શાસ્ત્રોક્ત વિધિ અને પરંપરાગત રીતરસમ મુજબ તૈયાર કરવામાં આવે છે. જેમાં મુખ્યત્વે પાંચ ધાન્ય જેવા કે ઘઉં, તલ, વાલ, જુવાર અને અન્ય અનાજને એકત્ર કરીને વૈજ્ઞાનિક અને આકર્ષક રીતે અંકુરિત કરવામાં આવે છે. આ તૈયાર જવારા અને માટીની સુંદર 'ગોરો' ખરીદવા માટે શહેરના બજારોમાં યુવતીઓ અને વાલીઓની ભારે ભીડ જામી રહી છે. આજના આધુનિક યુગમાં અભ્યાસ અને વ્યસ્ત દિનચર્યાના કારણે કન્યાઓ પાસે જવારાની દેખભાળ કરવાનો સમય મર્યાદિત બન્યો છે. આ સ્થિતિમાં, ધાર્મિક પરંપરા પણ જળવાઈ રહે અને પૂજનમાં કોઈ ખામી ન સર્જાય તે માટે શહેરીજનો આ તૈયાર વિકલ્પ તરફ વળ્યા છે.

વડોદરાના બાગ-બગીચામાં 5 દિવસ મહિલાઓ માટે ખાસ વ્યવસ્થા

વડોદરા : શ્રાવણ મહિનાના પવિત્ર તહેવાર ગૌરીપૂજા અને જયા પાર્વતી વ્રતને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના બાગ-બગીચાઓમાં મહિલાઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. મહાનગરપાલિકાના જાહેરનામા મુજબ તા. 27/07/2026 થી 31/07/2026 દરમિયાન લાલબાગ, સયાજીબાગ અને નીલાબાગ સિવાયના તમામ મહાનગરપાલિકાના બાગો બપોર 2 વાગ્યાથી સાંજ 7 વાગ્યા સુધી માત્ર મહિલાઓ માટે જ ખુલ્લા રહેશે. આ સમય દરમિયાન પુરુષો અને બાળકોને પ્રવેશ આપવામાં આવશે નહીં. જાગરણના દિવસે એટલે કે 31 જુલાઈના રોજ બગીચા રાત્રે 1 વાગ્યા સુધી ખુલ્લા રહેશે, જેથી બહેનોને પૂજા-અર્ચનાની સુવિધા મળી રહે.

સાસરી અને પિયરના સભ્યોએ સાથ છોડ્યો

મંદિરના બાંકડા પર મહિલા રાત વિતાવવા મજબૂર

(પ્રતિનિધિ) વડોદરા તા.25 જ્યારે પોતાના જ લોકો ઘરનાં દરવાજા બંધ કરી મો ફેરવી નાખે છે ત્યારે રસ્તો જ એકમાત્ર આશરો બની જાય છે. બાપોદ વિસ્તારમાં આવી જ એક હૃદયસ્પર્શી ઘટના સામે આવી છે. પતિના અવસાન બાદ પરિવારના તમામ સંબંધોથી વિખૂટી પડેલી મહિલા છેલ્લા ત્રણ મહિનાથી શિવ મંદિરના બાંકડા પર રાતો પસાર કરતી હતી. આખરે 181 અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં મહિલાને સુરક્ષિત આશ્રમમાં સ્થાન અપાવી તેના જીવનમાં નવી આશા જગાવી છે. પતિના મૃત્યુ બાદ સાસરીએ ઘર છોડાવ્યું પિયર પક્ષે પણ સંબંધો તોડી નાખ્યા. બે સંતાનથી વિખૂટી પડેલી મહિલા છેલ્લા ત્રણ મહિનાથી મંદિરના બાંકડા પર જિંદગી પસાર કરવા મજબૂર બની હતી. ભૂખ લાગે તો કોઈ આપે તે જમવું અને રાત પડે તો ખુલ્લા આકાશ નીચે સૂઈ જવું. પરંતુ આ કરુણ જીવનમાં 181 અભયમ મહિલા હેલ્પલાઈન આશાનું કિરણ બની સામે આવી. 181 અભયમ ટીમને બાપોદ વિસ્તારમાં એક નિરાધાર મહિલાને આશ્રયની જરૂર હોવાની માહિતી મળતાં ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. મહિલાને આશ્રય આપ્યો હતો.

ભાયલીમાં વરસાદી પાણી સાથે ઝેરી જીવાતથી ઈન્દિરા આવાસમાં ફફડાટ

પાલિકા તંત્ર તાકીદે પાણી નિકાલની કામગીરી હાથ ધરે તેવી સ્થાનિકોની ઉગ્ર માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.25 વડોદરા શહેરના ભાયલી વિસ્તારમાં આવેલા ઈન્દિરા આવાસ ખાતે મુસળધાર વરસાદના કારણે ભારે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. સોસાયટીના મુખ્ય તેમજ આંતરિક રસ્તાઓ વરસાદી પાણીમાં ગરકાવ થઈ જતાં સ્થાનિક રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે અને દૈનિક કામકાજ માટે પણ બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે. વરસાદી પાણી ભરાવાની સાથે જ પરિસ્થિતિ વધુ ચિંતાજનક બની છે, કારણ કે પાણીની સાથે સાંપ, નોળિયા, માછલીઓ તેમજ અન્ય ઝેરી જીવજંતુઓ પણ બહાર આવી ગયા છે. સોસાયટીમાં ભરાયેલા પાણીમાં આ જીવો મુક્તપણે ફરી રહ્યા હોવાથી સ્થાનિક રહીશોના જીવ તાળવે ચોંટી ગયા છે. ખાસ કરીને નાના બાળકો અને પરિવારના સભ્યોની સુરક્ષાને લઈને સમગ્ર વિસ્તારમાં ભારે ચિંતા અને ભયનો માહોલ ફેલાયો છે. આ ગંભીર અને જોખમી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક રહીશોએ વડોદરા મહાનગરપાલિકા ના સત્તાધીશો સામે ભારે નારાજગી વ્યક્ત કરી છે.